# સાથે મળીને આપણે ભવિષ્ય બાંધીએ



## હું અહીં મારું ભવિષ્ય પસંદ કરી શકું છું .......



## અહીં મારા કુટુંબ માટે સારું છે ......



## મારા બાળકોને અહીં ઘણી તકો મળે છે

**મત શા માટે ?**

મત આપવો એ આપણો મૂળભૂત હક્ક છે. અને આપણે મત આપીને આપણો પ્રતિનિધિ પસંદ કરીએ છે કે જે આપણે બધાને માટે સાથે રહેવાના કાયદા બનાવે છે.

**ચૂંટણી એ શું છે ?**

ચૂંટણીમાં આપણે આપણા મતદાર વિભાગમાં ઉભેલા આપણી પસંદગીના ઉમેદવારને મત આપીએ છીએ. સૌથી વધુ મત મેળવતો ઉમેદવાર ચૂંટાય છે.

તે અથવા તેણી **પાર્લામેન્ટનો સભ્ય** બને છે.

વધુ માહિતી માટે તમારી સ્થાનિક ચૂંટણી કેનેડા ઓફીસનો સંપર્ક સાધો.
એનો નંબર તમને વેબ સાઇટ અથવા અમારા ટોલ ફ્રી નંબર પર ફોન કરવાથી મળશે.

**www.elections.ca**

**1 800 463-6868** ટોલ ફ્રી
TTY ૧-૮૦૦-૩૬૧-૮૯૩૫
બહેરા અથવા સાંભળવાની મુશ્કેલી વાળા વ્યકિત માટે.

**Elections Canada**

EC90227 (0404) / Gujarati/Gujarati

# Elections Canada ચૂંટણી કેનેડા - મતદાર માહિતી માર્ગદર્શિકા

**શબ્દોમાં મારે શું જાણવું જોઇએ ?**

**મતદાર** કેનેડાનો નાગરિક અને ચૂંટણીનાં દિવસે ઓછામાં ઓછો ૧૮ વર્ષનો હોવો જોઈએ.

**ઉમેદવાર** ચૂંટણીમાં ચૂંટાવા માટે ઉભેલી વ્યક્તિ.

**મતદાર પત્રક** જેમાં નોંધાયેલા મતદારોના નામ હોય છે.

**મતદાર માહિતી** પત્રક મને ટપાલમાં મળે છે. એ સમર્થ કરે છે કે મારું નામ મતદાર પત્રકમાં છે અને એ ક્યાં અને ક્યારે મત આપવો એ જણાવે છે.

**મતદાન મથક** એ મારો મત આપવા માટેનું સ્થળ છે.

**નાયબ ચૂંટણી અધિક્ષક** મને મત પત્રક આપે છે. તે અથવા તેણી મતપત્રક પર નિશાન કરવામાં પણ મદદ કરી શકે છે.

**મતદાન મથક કર્મચારી** હું મત આપું એટલે મારું નામ છેકી નાંખે છે.

**મત પત્રક** મારા મત વિભાગના બધા ઉમેદવારોના નામ બતાવતું પત્રક.

કેનેડામાં તમારો મત ખાનગી છે.

**મત પડદો** એ ખાનગી જગ્યા છે જેની પાછળ જઇને હું મત પત્રકમાં મારો મત નિશાન કરું છું.

મત પત્રકમાં નિશાન કર્યા પછી હું એ નાયબ ચૂંટણી અધિક્ષકને આપું છું જે એ મત પત્રક ખોલ્યા વગર ટેબ ફાડીને મત પેટીમાં મતપત્ર મુકે છે.

**ચૂંટણી - હું મારી પસંદગી આપું છું**

જ્યારે પણ ચૂંટણી હોય, ત્યારે મને **મતદાર માહિતી પત્રક** ટપાલમાં મળે છે. એ સમર્થ કરે છે કે મારું નામ **મતદાર પત્રકમાં** છે.

એ પત્રક અગત્યનું છે.

એ મને કેવી રીતે, ક્યાં અને ક્યારે મત આપવો એ જણાવે છે.

જો મને મારું માહિતી પત્રક ન મળે તો હું **ચૂંટણી કેનેડાનો સંપર્ક** સાધીશ કે એ જાણવા માટે કે મારું નામ મત પત્રકમાં કેવી રીતે આવે અને હું મત આપી શકું.

**હું ઉમેદવારોના નામ** ચૂંટણી કેનેડાની વેબ સાઇટ www.elections.ca પર ચૂંટણી દરમિયાન જઇને મેળવી શકું છું. હું તેમના નામ અને નિતિ રેડિયો સાંભળીને, ટેલીવીઝન જોઇને, સમાચાર પત્રો વાંચીને કે મિત્રો અને કુટુંબીજનો સાથે વાત કરીને જાણી શકું છું.

હું એવા ઉમેદવારને પસંદ કરીશ કે જે મારું પ્રતિનિધિત્વ ધરાવે.

**હું કેવી રીતે મત આપું ?**

**હું ત્રણ રીતે મત આપી શકું છું.**

અગાઉથી મતદાન મથકે એવા મતદારો માટે છે જે ચૂંટણીના દિવસે મતદાન કરી શકે એમ નથી અથવા કરવા નથી માંગતા

દરેક મતદાર અગાઉથી મતદાન મથકે મત આપી શકે છે.

હું અગાઉથી મતદાનનું સ્થળ અને સમય મતદાર માહિતી પત્રકમાંથી અથવા પત્રકમાં જણાવેલ ચૂંટણી કેનેડાના ફોન નંબર પર સંપર્ક સાધીને જાણી શકું છું.

**હું ખાસ મતપત્રકથી મત આપી શકું છું.**

ખાસ મતપત્રકથી ટપાલ મારફત અથવા મારા મતવિસ્તારના ચૂંટણી ઓફીસરની ઓફીસે જઇને મત આપી શકું છું.

વધુ માહિતી માટે ચૂંટણી કેનેડાનો સંપર્ક સાધી શકું છું

**ચૂંટણીના દિવસે હું જાતે જઇને મત આપી શકું છું .**

ચૂંટણીના દિવસે હું મતદાન મથક પર જઇને મત આપુ છું.

તારીખ, સમય અને મતદાન મથકનું સરનામું મતદાર માહિતી પત્રમાં હોય છે.

**મતદાન મથક** પર હું મારા મતદાર માહિતી પત્રકમાં જણાવેલ નંબરવાળું ટેબલ શોધું છું.

ટેબલ પાસે બે ચૂંટણી અધિકારીઓ હોય છે. **નાયબ ચૂંટણી અધિક્ષક** અને **મતદાન મથક કર્મચારી**

હું મારું નામ અને સરનામું નાયબ ચૂંટણી અધિક્ષકને આપું છું. મોટે ભાગના લોકો મતદાર પત્રકમાં નોંધાયેલા હોય છે.

જો મારું નામ મતદાર પત્રકમાં ન હોય તો પણ **ચૂંટણીનાં દિવસે નોંધણી કરાવવાની** મને તક મળે છે. હું નાયબ ચૂંટણી અધિક્ષકને **મારું ઓળખપત્ર અને રહેવાનું સરનામું** બતાવીને નોંધણી કરાવી શકું છું. હું મારી ઓળખ અને રહેવાના સરનામાનું સોગંદ નામુ કરીને એજ મતદાન વિસ્તારના મતદાર સાથે રહીને મતદાન મથક કર્મચારી મે મત આપ્યો છે .

મથક કર્મચારી એની નોંધ માટે મતદાર પત્રકમાંથી **મારું નામ છેકી** નાખે.

નાયબ ચૂંટણી અધિક્ષક મને ઘડી વાળેલું મતપત્રક આપે છે.

જો મને તકલીફ હોય તો એ વ્યક્તિ મતપત્રકમાં નિશાન કરવામાં **મને મદદ** કરી શકે.

હું કુટુંબીજન કે મિત્રને પણ મતદાન મથક પર મદદ માટે લાવી શકું છું.

**હું મત પડદા પાછળ જાઉ છું.** મે કોને મત આપ્યો એ કોઇ જોઇ શકતું નથી (ગુપ્ત મતદાન).

હું મારી પસંદગીના ઉમેદવારના નામ આગળ વર્તુળમાં **ચોકડી (X) નિશાન કરું છું.**

હું **મારા મતપત્રકની ઘડી વાળું** છું જેથી મારો મત ખાનગી રહે છે.

હું ઘડીવાળેલું મારું મતપત્રક નાયબ ચૂંટણી અધિક્ષક પાસે લઇ જાઉ છું.

**એ ટેબ ફાડી નાંખે** છે.

નાયબ ચૂંટણી અધિક્ષક મને મારું મતપત્રક પાછું આપે છે.

**મારું મતપત્ર હું મત પેટીમાં મુકું છું**

